

# 'સમાનતાના સંઘર્ષની શોભાયાત્રા'

નાતજાતની વ્યવસ્થાને સમાજના ચાલકબળ તરીકે ફગાવી બંધારણે ભારતના નાગરિકોને 'સમાનતા'નો અધિકાર આપ્યો. સૈકાઓ જૂની પરંપરા તૂટવાનું શરૂ થયું. સામાજિક પરિવર્તનના પાયામાં બંધારણના ફાળાને કોઈ અવગણી ન શકે.

અધિકાર કાયદામાં લેખાય તે માત્રથી સમાનતાનું રાજ સ્થપાય ખરું? હરગીજ નહીં. સમાનતા માટેના સંઘર્ષ વગર આ શક્ય નથી બનતું તે આપણો સૌનો અનુભવ છે. આથી જ સમાનતા માટેનો સંઘર્ષ આપણું જીવનકર્મ બની ગયું છે.

સમાનતા માટેના સંઘર્ષને સતત આગળ વધતો અટકાવવા માટે જ્ઞાતિવાદ, પેટા-જ્ઞાતિવાદ, જાતિવાદ, કોમવાદનાં હથિયારોને સજાવાય છે. યુવાનોને હિંસામાં જોતરવાના અને શિક્ષણ દ્વારા બાળકોનાં મગજને પૂર્વગ્રહમાં લપેટવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

આ તમામ વરવી વાસ્તવિક્તાઓ વચ્ચે ડૉ. આંબેડકર, મહાત્મા ગાંધી, જ્યોતિબા-સાવિત્રી ફૂલે તથા બુદ્ધથી શરૂ થયેલ સામાજિક પરિવર્તનના પવનમાં જોડાનાર અનેક વિભૂતિઓનાં જીવનકર્મ અને વૈચારિક વારસાને આપણે ભૂલ્યાં નથી. છતાંય એ વાત સ્વીકારવી પડે કે આ વૈચારિક વારસા પર રાખના ઢગલા થવા માંડ્યા છે.

જાણે-અજાણે ડૉ. આંબેડકરને આપણે 'દલિત-નેતા'માં ખપાવી દીધા છે. ગાંધી-આંબેડકરના વિવાદને આ બંને મહાનુભાવોની ગેરહાજરીમાં સતત વકરાવવામાં આવી રહ્યો છે. જ્ઞાતિવાદને ખતમ કરવા સક્રિય થવા સાથે પેટા-જ્ઞાતિવાદના દૂષણ સામે આંખ આડા કાન થઈ રહ્યા છે.

સમાનતાના સંઘર્ષનો વારસો આપણને પથદર્શક તરીકે મળ્યો છે. પોતાના મોં પર કાદવ-કીચડ ફેંકાવા છતાં સાવિત્રી-જ્યોતિબા ફૂલેએ બ્રાહ્મણ સિવાયના લોકોને ભણાવવાનું અને સગર્ભા વિધવાઓને આત્મહત્યામાંથી બચાવવાનું કામ પડતું મૂક્યું ન હતું. વર્ગના બારણે કોથળા પર બેસવાનું દબાણ, સંસ્કૃત ભણાવવાની સ્પષ્ટ ના, ચવદાર તળાવમાંથી પાણી પીવા બદલ હુમલા એ તમામની સામે ડૉ. આંબેડકરે પરિવર્તનનો સંઘર્ષ પડતો ન મૂક્યો. 'અછૂત' દંપતીને આશ્રમમાં રાખ્યું એટલે દાન-ધર્માદા બંધ થયાં, બહેન સદાય માટે આશ્રમ છોડીને ચાલ્યાં ગયાં અને કસ્તુરબાએ પણ આશ્રમ છોડવાની ધમકી આપી, છતાંય ગાંધીજીએ આભડછેટ સામેની લડત પડતી ન મૂકી. જાજરૂ સફાઈનું કામ આપવા અંગ્રેજ સત્તાવાળાઓએ મનાઈ કરી ત્યારે મામા ફડકે જેલમાં ઉપવાસ પર ઉતર્યા અને આવા અગણિત દાખલાઓ આપણી વિસ્મૃતિમાં છે. નોંધવા જેવી વાત એ છે કે, આ તમામ એક જ્ઞાતિનાં ન હતાં. ચવદાર તળાવ, મનુસ્મૃતિ-દહન, 'મૂક નાયક'ની શરૂઆત આ તમામ કાર્યક્રમોમાં ડૉ. આંબેડકરની સાથે બીજી જ્ઞાતિ અને ધર્મોના લોકો જોડાયા હતા અને એ વાત પણ સાચી છે કે, આમાં જોડાનાર તમામ લોકો જ્ઞાતિવિહિન સમાજરચનાના હિમાયતી અને સમાનતાના મૂલ્યને વરેલા હતા.

આજનાં બાળકો યુવાન બને ત્યારે અરાજકતા અને ભેદભાવના શિકાર ન બને, આજના યુવાનો પોતાનો જુસ્સો રચનાત્મકતાના ક્ષેત્રમાં ઠાલવે, સામાજિક પરિવર્તન અને રાજકીય જાગૃતિના ક્ષેત્રે સ્ત્રીઓની આગેવાનીની નોંધ લેવાય અને વિવિધ ધર્મો અને વર્ગોના લોકો સાથે મળી જ્ઞાતિવિહિન અને ભેદભાવ વગરની સમાજરચનાના મુદ્દે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે તે આશયથી **તા. ૧૪મી એપ્રિલ, ૨૦૧૩**ના રોજ **'સમાનતાના સંઘર્ષની શોભાયાત્રા'**નું આયોજન વિચાર્યું છે. આ કાર્યક્રમ એક દિવસ પૂરતો સીમિત ન રહે, પણ વિવિધ કાર્યક્રમો દ્વારા જાન્યુઆરીથી એપ્રિલ, ૨૦૧૩ સુધી ચાલે તેવું આયોજન છે.

શોભાયાત્રાના આ વિશિષ્ટ કાર્યક્રમની ઝાંખી નીચે મુજબ છે:

૧. **બાળકોની ભાગીદારી:** આજનાં બાળકો તે આવતી કાલના યુવાનો છે. પૂર્વગ્રહથી મુક્ત બાળમાનસને આપણે યોગ્ય દિશા સૂચન આપી શકીએ તો સંઘર્ષની શોભાયાત્રા પર ચાર ચાંદ લાગે. આ શોભાયાત્રામાં ૧૦૦૦ બાળકો ડૉ. આંબેડકર, ગૌતમ બુદ્ધ, ગાંધીજી, જ્યોતિબા-સાવિત્રી ફૂલે, પેરીયાર, નારાયણ ગુરુ, અછૂતાનંદ, ગાડગે મહારાજ વગેરેનાં પોષાકમાં ભાગ લેશે. આ બાળકો, છોકરા-છોકરીઓ વિવિધ જ્ઞાતિનાં અને ધર્મોનાં હશે.

૨. **યુવાનોની ભાગીદારી:** યુવાવર્ગ એટલે શક્તિ અને સર્જનાત્મકતાથી ભરપૂર વ્યક્તિત્વ. આ યૌવન સમાનતાના સંઘર્ષના બીબામાં ઢળે તે માટે યુવાનો આગવી રીતે શોભાયાત્રામાં ભાગ લેશે. સામાજિક અન્યાય સામે ઝઝૂમે તેવા વિચારશીલ યુવક-યુવતીઓનું ડૉ. આંબેડકરે "સમતા સૈનિક દળ" બનાવેલું. આ શોભાયાત્રા દરમિયાન ૧૦૦૦ જેટલાં યુવક અને યુવતીઓ સમતા સૈનિક દળનાં સભ્ય બનશે. ઉપરાંત, ૨૫૦૦ જેટલાં દ્વિચક્રીય વાહનો ઉપર સવાર થઈ ૫૦૦૦ યુવાનો શિસ્તબદ્ધ રીતે શોભાયાત્રામાં જોડાશે.

૩. **સ્ત્રીઓની આગેવાનીઃ** ગ્રામ-પંચાયતથી માંડી વિધાનસભા સુધી રાજકીય ક્ષેત્રે ડૉ. આંબેડકરનાં સપનાં અનુસારની પોતાની રાજકીય ઓળખ કંડારવા સ્ત્રીઓએ ઘણો સંઘર્ષ કર્યો છે. રાજકીય ક્ષેત્રે વિવિધ હોદ્દામાં ચુંટાયેલી ૧૦૦૦ જેટલી મહિલાઓ ધર્મ અને જ્ઞાતિના બાધ વગર ખભેખભા મિલાવી શોભાયાત્રામાં જોડાશે.

૪. **શિક્ષણનાં વણસંતોષાયેલાં શમણાંની ઝાંખીઃ** ખાનગીકરણની હોળીએ શિક્ષણની અસ્મિતાને દઝાડી ગરીબોને ભ્રમિત કરી નાંખ્યા છે. સરકારી શાળાઓ માત્ર ગરીબ બાળકો માટે સીમિત થઈ ગઈ છે. રાજ્યની અને દેશની મોટા ભાગની ગરીબ અને વંચિત પ્રજા માટે શિક્ષણની કથળેલી હાલત શોભાયાત્રામાં લોકોનું ધ્યાન ખેંચશે.

૫. **સામાજિક સમાનતાનો સંદેશઃ** બંધારણ ભારતનાં તમામ લોકોને 'નાગરિક' તરીકેની ઓળખ આપી શક્યું છે. તમામને સરખા અધિકાર અપાયા છે ત્યારે અસમાનતા શા માટે દેશમાં ટકવી જોઈએ? શોભાયાત્રામાં વિવિધ જ્ઞાતિ અને ધર્મોના લોકો ખભેખભા મિલાવી સાથે ચાલશે.

૬. **અન્યાય સામે કાયદાનું શસ્ત્રઃ** વર્ણ વ્યવસ્થાના શાસનને કાયદાના શસ્ત્ર દ્વારા ડોલાવવાનો અકસીર ઉપાય ડૉ. આંબેડકરે ચીંધ્યો. ૧૦૦૦ વકીલો અને કાનૂનવિદ્યાના વિદ્યાર્થીઓ શોભાયાત્રામાં જોડાઈ કાયદાના શસ્ત્રને ધાર ચડાવવાનો સંદેશ રજૂ કરશે.

૭. **સામાજિક ન્યાયના સળગતા પ્રશ્નોઃ** દેશને આઝાદીના સાડા છ દાયકાની મઝલ પછી પણ જ્ઞાતિ અને જાતિ આધારિત ભેદભાવ ફાલ્યા છે. ગરીબોના અધિકારની જમીનો ઝૂંટવાઈ છે. પીવાનું પાણી પણ આભડછેટના ઓછાયાથી મુક્ત નથી. નાત-જાતને આધારે થાનગઢ જેવું તાજું ઉદાહરણ છે તેવી હિંસા આચરવામાં આવી રહી છે. આ શોભાયાત્રામાં ગરીબોને સ્પર્શતા જમીનોના પ્રશ્નોની ઝાંખી રજૂ થશે. સાથે-સાથે જે ગામોમાં દલિતો આભડછેટ સામે લડી પાણીને ભેદભાવથી મુક્ત કરી શક્યા છે તે ગામનાં પાણીના કળશ શોભાયાત્રાની શોભા વધારશે. પોતાના બલિદાન દ્વારા પાટણની પ્રજાને જીવતદાન આપનાર મેઘમાયાની પ્રતિકૃતિ પણ શોભાયાત્રામાં સામેલ રહેશે.

૮. **કલા અને સંસ્કૃતિઃ** કચડાયેલા વર્ગે હંમેશાં પોતાની વેદના કલા અને સાહિત્યના માધ્યમથી રજૂ કરી છે. વિવધ રાજ્યોના કલાકારો પોતાની કલા અને સંસ્કૃતિ રજૂ કરી શોભાયાત્રાને દિપાવશે.

આ શોભાયાત્રામાં ભેદભાવના મુદ્દે થયેલ સંશોધનની ઝાંખી રજૂ થશે. દલિત અને ગરીબ યુવાવર્ગે કેટલે અંશે સ્વરોજગારીના ક્ષેત્રમાં ઝંપલાવી પોતાનું કાઠું કાઢ્યું છે તેની પણ રજૂઆત થશે. છોટે ભીમ અર્થાત્ બાળકલાકારો સમતાના મુદ્દે નાટકો રજૂ કરશે. તો સમગ્ર કાર્યક્રમનું ફોટોગ્રાફ અને વિડિયો રેકોર્ડિંગ મહિલા ફોટોગ્રાફર કરશે.

આ સમગ્ર કાર્યક્રમ લોક ફાળાથી પૂરો પાડવામાં આવશે અને તેમાં વિદેશી નાણું વપરાશે નહીં.

આ શોભાયાત્રાની નોંધનીય બાબત એ છે કે, આ કાર્યક્રમ કોઈ સંસ્થા, જ્ઞાતિ કે ધર્મનો નહીં બની રહે. આ શોભાયાત્રાનો તમામ ખર્ચ સમાજમાંથી ઉઘરાવવામાં આવશે અને તેનો તમામ હિસાબ જાહેર કરવામાં આવશે. દાન આપનારને પાક્કી પહોંચ આપવામાં આવશે અને તેઓનાં નામ વેબસાઈટ પર મુકવામાં આવશે.

તમે તમારું દાન નીચેનામાંથી કોઈ પણ સંસ્થાને ચેક અથવા રોકડ સ્વરૂપે આપી શકો છો.

ખાસ નોંધવાનું કે, આપની પાસેથી દાન ઉઘરાવનાર વ્યક્તિનું ફોટાવાળું ઓળખપત્ર નીચેની ત્રણેય સંસ્થાના અધિકારીઓએ પ્રમાણિત કરેલું હશે. આવી વ્યક્તિ દાનની કાચી પહોંચ તાત્કાલિક આપને આપશે અને પાકી પહોંચ આપને આપના સરનામે પહોંચાડવામાં આવશે. આ તમામ દાન કલમ ૮૦(જી) મુજબ કરમુક્ત છે.

૧. **નવસર્જન ટ્રસ્ટઃ** ૨, રુચિત એપાર્ટમેન્ટ, ધરણીધર દેરાસરની પાછળ, સૂરજ પાર્ટી પ્લોટની સામે, વાસણા- અમદાવાદ.

૨. **જનવિકાસઃ** સી-૧૦૫, રોયલ ચિન્મય, સિમંધર ટાવરની પાસે, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

૩. **સેન્ટ ઝેવિયર્સ નોન ફોર્મલ એજ્યુકેશન સોસાયટીઃ** સેન્ટ ઝેવિયર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯

નોંધઃ આ કાર્યક્રમ સાથે સમાજના વિવિધ અગ્રણીઓ તથા વિવિધ ક્ષેત્રોના લોકો જોડાયા છે. પરંતુ બધાનાં નામ અહિયા મૂકવા શક્ય નથી.

**માહિતીઃમંજુલાબેન પ્રદીપઃ૯૮૯૮૫ ૧૫૦૯૦, વિજય પરમારઃ૯૪૨૮૦ ૪૫૯૭૫, પ્રસાદ ચાકોઃ૯૦૯૯૯ ૨૭૧૦૧**

**સંકલનઃ જયેશ પરમારઃ [illegible]**